**વર્ષ ૨૦૨૦ માટે પેન્શનરોની વાર્ષિક હયાતિની ખરાઈ મે મહિનાને બદલે જૂન માસમાં કરવા બાબત.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૦૪/૨૦૨૦

**વંચાણે લીધા :**

(૧) નાણા વિભાગનો તા.૧૯/૦૫/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : ટીજેઆર-૧૨૯૩-૯૬૦-ઝ
(૨) નાણા વિભાગનો તા.૦૫/૦૭/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૦૭-૧૧૭-ઝ
(૩) નાણા વિભાગનું તા.૨૨/૦૮/૨૦૧૨નું જાહેરનામું:(જીએન-૧૮)તજર-૧૦૨૦૦૭-૧૧૭-ઝ
(૪) નાણા વિભાગનો તા.૧૭/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૦૭-૧૩૨-ઝ
(૫) નાણા વિભાગનો તા.૨૯/૦૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ

**આમુખ :**

રાજ્ય સરકારના પેન્શનરોની વાર્ષિક હયાતિની ખરાઈ ઉક્ત વંચાણે લીધેલ નાણા વિભાગના તા.૧૭/૦૯/૨૦૧૨ના ઠરાવથી મે મહિનામાં કરાવવાનું ઠરાવવામાં આવેલ છે. જો મે મહિનામાં હયાતિની ખરાઈ ન કરાવી શકાઇ હોય તો જુલાઈ મહિના સુધીની છુટ આપવામાં આવેલ છે. આ સમયગાળા દરમિયાન હયાતિની ખરાઈ કરાવવામાં પેન્શનર નિષ્ફળ જાય તો તેવા પેન્શનરના કિસ્સામાં પેન્શનની રકમનું ચુકવણું સ્થગિત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

કોરોના મહામારીને નિયંત્રણમાં લાવવા માટે સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ લોકડાઉન તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી અમલમાં છે. આથી, પેન્શનરોને વાર્ષિક હયાતિની ખરાઈ કરાવવામાં મુશ્કેલી ન પડે તે માટે હયાતીની ખરાઇ માટેના સમયગાળામાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે પેન્શનરોની વાર્ષિક હયાતિની ખરાઈ મે મહિનામાં કરાવવાને બદલે જૂન મહિનામાં કરાવવાનું ઠરાવવામાં આવે છે. ઉપરાંત, જે પેન્શનરો જૂન મહિનામાં હયાતિની ખરાઈ ન કરાવી શકે તેઓ જુલાઇ અને ઑગસ્ટ મહિનામાં પણ હયાતીની ખરાઇ કરાવી શકે છે. ઉપરાંત, વંચાણે લીધેલ ક્રમ (૫) ઉપરના ઠરાવ અન્વયે રાજ્ય સરકારનાં પેન્શનરો/કુટુંબ પેન્શનરો Jeevan Pramaan Portal (www.jeevanpramaan.gov.in) પર પણ Online હયાતીની ખરાઈ કરાવી શકે છે. આમ, સને ૨૦૨૦માં જૂન, જુલાઇ કે ઓગષ્ટ માસમાં હયાતિની ખરાઈ કરાવવામાં પેન્શનર નિષ્ફળ જાય તો તેવા કિસ્સામાં સપ્ટેમ્બર માસથી પેન્શનની રકમનું ચુકવણું સ્થગિત કરવાનું ઠરાવવામાં આવે છે.

પેન્શનરોની વાર્ષિક હયાતિની ખરાઈ બાબતે નાણા વિભાગની વખતો વખતની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે. આ સૂચનાઓનો વર્ષ ૨૦૨૦ માટે જ અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner

- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રી ગુજરાત વિધાનસભા, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ.
- સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, વીમા નિયામકની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર /અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગની તમામ શાખાઓ (નાણા શાખાઓ સહિત)
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ–વેબસાઇટ ઉપર મૂકવા માટે.
- પસંદગી ફાઇલ, ઝ શાખા

Scanned with CamScanner